For Private Circulation Only

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD

Devoted to Comprehensive Development Of Persons with Disabilities

# B.P.A. Bulletin

YEAR 2024 ▲ VOLUME : I ▲ JAN - MARCH-2024 (This Bulletin is available on website : www.bpaindia.org)

BULLETIN

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## ફર્નિચર શો રૂમ શુભારંભ

એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડ યુનિટ દ્વારા ઈન્દુબેન.ડી.શાહ અને વિપિનચંદ્ર ડી. શાહ ફર્નિચર શો રૂમ તારીખ ૩૦-જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ બીપીએ પ્રાંગણની અંદર ન્યુ ફર્નિચર શો રૂમનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ શોરૂમ એટીસીબીના પ્રમુખ શ્રી ઉષાબેન ફેમીલી દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો છે. તેમજ આ શો રૂમમાં વોલન્ટીયરશ્રી ઉપાસનાબેન ચાવડા એ ઈન્ટીરીયર ડેકોરેશનનો આખરી ઓપ આપવામાં  સહયોગ કર્યો હતો. જ્યારે યોગેશ પુરોહિતે આર્કિટેક્ચર સહયોગ કર્યો છે અને તેમના પુત્ર શ્રી કેવલ ને ડિઝાઈનીંગ કરી શો રૂમને એક અલગ અંદાજ નો લૂક આપ્યો છે.

આ ફર્નિચર શો-રૂમના એ.ટી.સી.બીનાં પ્રમુખ શ્રી ઉષાબેન અતુલકુમાર દ્વારા સ્પોન્સર શો-રૂમ માટે ઈન્દુબેન ડી. શાહ અને વિપિનચંદ્ર ડી શાહની યાદમાં તૈયાર કરવામાં આવ્યો છે. આ ફર્નિચર શો રૂમ નૂતન લુકમાં વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યો છે.







## ઈનોવા કાર ભેટ



ઈમ્મી લિમિટેડ અને લોટ્સ ટ્રસ્ટ મુંબઈ દ્વારા ઈનોવા કાર બીપીએને સપ્રેમ ભેટ તરીકે ઈમ્મી લિમિટેડના શ્રીમતિ અમુબેન ટ્રસ્ટી અને લોટ્સ ટ્રસ્ટ દ્વારા તારીખ : ૩૦ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ આપવામાં આવી હતી. આ સમયે બીપીએ સંસ્થાના ટ્રસ્ટીઓ, પદાધિકારીશ્રી તેમજ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.




## દિવ્યાંગ બહેનોને જ્ઞાનપ્રભા સ્કોલરશીપ



દિવ્યાંગજનોના ભામાશા ઉદ્યોગપતિશ્રી અરવિંદ મફતલાલ જેઓને જન્મદિવસની સ્મૃતિમાં ૧૦૦ દિવ્યાંગ બહેનોને જ્ઞાનપ્રભા સ્કોલરશીપ અરવિંદ મફતલાલ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે પદ્મનાભ મફતલાલ ગૃપના પ્રમુખશ્રી નિરજ માંકડ અને સુરેશ નાયર, ઉપપ્રમુખશ્રી ખાસ મુંબઈથી પ્રતિનિધિશ્રી તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે આ સ્કોલરશીપ દિવ્યાંગ મહિલાઓને સફળ થવાના સ્વપ્નમાં રૂ.૧૮૦૦૦ની સ્કોલરશીપ મદદરૂપ બની રહેશે.

## પી.એચ.ડી પદવી અભિનંદન



સરદાર પટેલ યુનિ દ્વારા બીપીએના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરતભાઈ જોષીને "સંમ્મિલિત પર્યાવરણ કાર્ય" દિવ્યાંગ વ્યક્તિઓ સાથે સંલગ્ન થીસીસ ઉપર અભ્યાસ કરતાં તેઓને ડોક્ટરેટ (પી.એચ.ડી)ની પદવી યુનિ દ્વારા એનાયત કરવામાં આવી હતી. આ પદવી પ્રાપ્ત થતાં બીપીએ પરિવારએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## વર્લ્ડ કોન્ફરન્સ - એમ.ઓ.યુ

'દિવ્યાંગજનોના ક્ષેત્રમાં દિવ્યાંગજનોના કાર્ય માટે વધુ જાણકારી પ્રાપ્ત થાય તે માટે કોન્ફરન્સો વિવિધ દેશો, સ્થળે આયોજીત થાય છે. અહીં આ વર્ષે વર્લ્ડ કોન્ફરન્સ ગુજરાતના અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવી છે. આ કોન્ફરન્સ માટે ડો.બાબા સાહેબ આંબેડકર યુનિ સાથે બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન (ઈન્ડિયા) તેમજ સેન્સ ઈન્ટરનેશનલ (ઈન્ડિયા) એ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માટે MOU ઈન્ટરનેશનલ કાઉન્સીલ ફોર એજ્યુકેશન ઓફ પીપલ વીથ વીઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ (ICEVI) માટે તા. ૧૪ થી ૧૬ નવેમ્બર ૨૦૨૪ દરમ્યાનના કોન્ફરન્સ આયોજીત કાર્યક્રમ માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિ સાથે એમ.ઓ.યુ સાઈન કર્યા છે.



## જાપાન યુર્નિ સર્ટીફિકેટ એનાયત



દ્રષ્ટિહીનો શિક્ષણ ક્ષેત્રમાં કૌશલ્યપૂર્ણ કોર્સ પૂર્ણ કરી તેઓ રોજગાર-સ્વરોજગાર અર્થે સ્વનિર્ભર જીવન વ્યતીત કરી શકે તે માટે જુદા જુદા અભ્યાસક્રમો બીપીએ દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે. અહીં જાપાનીઝ મેડીકલ મેન્યુઅલ થેરાપી (જે.એમ.એમ.ટી)ના બે વર્ષનો કોર્સ સુકોબા યુર્નિ જાપાન દ્વારા બીપીએનાં કેમ્પસમાં દ્રષ્ટિહીનોને શીખવામાં આવી રહ્યો છે. જે વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક આ કોર્સ પાસ કર્યો હતો તેઓ શ્રીને નો સીતારાકોસી દ્વારા તેમના વરદ્ હસ્તે સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

## હાટ બજાર સ્ટોલ



દિવ્યાંગજનો દ્વારા તૈયાર કરવામાં આવેલી ચીજવસ્તુઓ અમદાવાદના પોશ વિસ્તાર વસ્ત્રાપુરમાં સુપ્રસિધ્ધ હાટ બજારમાં પ્રદર્શની સ્ટોલને તા. ૫ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ કરવામાં આવ્યો હતો. આ સ્ટોલને તૈયાર કરવા મદદ માટે બીપીએના સ્વયંસેવક શ્રી ઉપાસનાબેન ચાવડા દ્વારા પ્રદર્શન ની તમામ સગવડ ગોઠવણી કરીને આપવામાં આવી હતી.

## સ્વાભિમાન સહયોગ



દિવ્યાંગ વ્યક્તિઓને મદદરૂપ સ્વાભિમાન ગૃપની લીડરશીપ કરતાં શ્રી કિન્તુભાઈ શાહ દ્વારા તારીખ ૬ જાન્યુઆરીએ બીપીએ કેમ્પસમાં સ્કોલરશીપ મુસાફરી સહયોગ સાથે દિવ્યાંગજનોને સ્વરોજગારની ૧૪૧ કીટોનું વિતરણ જરૂરિયાતમંદ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું.

## ગુજરાત ગેસ કંપની સહયોગ



દિવ્યાંગજનોના શારિરીક હાથ-પગની ક્ષતિ હોય ત્યારે તેમાં તેઓને કૃત્રિમ સાધન આર્ટીફિશીયલ લીમ્બ્સ આપવાથી તેઓને શારિરીક સપોર્ટ પ્રાપ્ત થાય છે. અહીં ગુજરાત ગેસ કંપનીના સીએસ.આર સહયોગથી ૨૦ જરૂરિયાતમંદ લાભાર્થીઓને આર્ટિફીશીયલ લીમ્બ્સ આપવામાં આવ્યા હતા. આ વિતરણ કાર્યક્રમ આશીર્વાદ વિક્લાંગ ટ્રસ્ટ સાયલા ખાતે તારીખ : ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪નાં રોજ થયો હતો તેમજ બીપીએ દ્વારા આ કાર્યક્રમ સમયે આર્ટિફીસીયલ લીમ્સ વર્કશોપ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## કોન્ફરન્સ હોલ - લીફ્ટ સુવિધા

બીપીએનાં પ્રાંગણમાં બિલ્ડીંગ નં-૮નાં મોન્ટેકાર્લો બિલ્ડર્સશ્રીનાં સહયોગથી વિવિધ માળ ઉપર આવનજાવન કરતાં દિવ્યાંગજનો, વાલીઓ, કર્મચારીઓ અને તાલીમાર્થીઓ માટે વધુ સરળ સુવિધા લીફ્ટની ઉપલબ્ધ કરવામાં આવી છે. આ વર્કશોપમાં જવા માટે લિફ્ટ સુવિધાયુક્ત રહે અને એક સાથે વધુ ૧૬ વ્યક્તિઓ લીફ્ટમાં જઈ શકે તેવી વ્યવસ્થા લીફ્ટની ડીઝાઈન કરવામાં આવી છે. આ લીફ્ટનો શુભારંભ તારીખ : ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ કરવામાં આવ્યો હતો.



## એક્ઝીક્યુટીવ મીટીંગ



નૂતન વર્ષ ૨૦૨૪ના પ્રારંભમાં આહલાદક વાતાવરણમાં એક્ઝીક્યુટીવ સ્તરનાં ટ્રસ્ટોની મિટીંગ બીપીએ, એટીસીબી,સદ્ભાવના ટ્રસ્ટ, આઈ.સી.ઈ.વી.આઈ વિભાગોની મીટીંગ આલોહા ફાર્મ હાઉસ ખાતે ગાંધીનગર નજીક તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ આયોજીત કરવામાં આવી હતી.

## સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી



દર વર્ષે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી બીપીએ પ્રાંગણમાં દિવ્યાંગજનો દ્વારા ઉજવવામાં આવે છે. આ વર્ષે ૭૫માં સ્વાતંત્ર્ય દિવસે ધ્વજવંદન સમારોહમાં ઓડિસા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી કલ્પેશભાઈ ઝવેરી ઉપસ્થિત રહીને તેઓનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

દિવ્યાંગજનો માટે સામાન્ય શાળાઓમાં સંકલિતશિક્ષણ યોજનામાં અભ્યાસ કરાવતાં અંદાજે એક હજાર સ્પે. શિક્ષકોને શિક્ષણ વિભાગ દ્વારા કેન્દ્રિય પુરસ્કાર યોજના બંધ કરાતા ઘણા દિવ્યાંગ વિદ્યાર્થીઓ સ્પે. શિક્ષણથી વંચિત ન રહે તે માટે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી. આ પિટીશનને યોગ્ય ચુકાદો આપી દિવ્યાંગ બાળકોનાં એક હજાર શિક્ષકોને રાજ્ય સરકાર ના શિક્ષણ વિભાગ દ્વારા તમામ હક્કો દિવ્યાંગજનોને મળે તે અંગે એટલે કે દિવ્યાંગજનોને શિક્ષણ મળી રહે તે માટે ચૂકાદો માનનીય ચીફ જટીસ શ્રી કલ્પેશ ઝવેરીએ આપ્યો હતો. તેથી દિવ્યાંગજનો શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

## દાતાશ્રી યુ.એસ.એ



બીપીએમાં હરહંમેશ મદદરૂપ રહેતા યુ.એસ.એના ડૉ.અજય પરીખ અને શ્રીમતી રીના પરીખ બીપીએની મુલાકાતે તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ નાં રોજ તેમના સુપુત્ર ડૉ. પૂજન સાથે આવ્યા હતા. ત્યારે તેઓએ સંસ્થાને ચાર લાખ રૂ. નું માતબર દાન શ્રી મહેશચંદ્ર રતિલાલ પરીખ ફંડ દ્વારા આપ્યું હતું. અહીં ચિરંજીવ શ્રી પૂજન અને પાયલ અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કુલમાં અભ્યાસ કરતાં હતાં. તે દરમ્યાન તેઓએ બીપીએમાં સ્વૈચ્છિક સેવા પણ આપી હતી.

## લાયન્સક્લબ આંતરરાષ્ટ્રીય ફાઉન્ડેશન ચેરમેનશ્રી મુલાકાત

દિવ્યાંગજનોના કાર્યક્ષેત્રે અગ્રેસર બીપીએની મુલાકાતે લાયન્સ ક્લબ આંતરરાષ્ટ્રીય ફાઉન્ડેશન યુ.એસ.એનાં શ્રી બિરેન ઈ. શિહાન તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ આવ્યા હતા. ત્યારે તેઓનું સ્વાગત ગાર્ડ ઓફ ઓનર બેન્ડ દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ દ્વારા અભિવાદન કરતાં તેઓ શ્રી ભાવવિભોર થયા હતાં. અહીં તેઓએ સંસ્થાનાં પદાધિકારીશ્રીઓ સાથે અદ્યતન બ્રેઈલ ટેકનોલોજીમાં પુસ્તકોના પ્રિન્ટીંગ પ્રેસને નિહાળ્યો હતો અને તેઓ પ્રાર્થનાખંડમાં એક કાર્યક્રમમાં જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને પાંચ ટ્રાઈસિકલ, એક ઈલેક્ટ્રીક ટ્રાઈસિકલ, કૃત્રિમ સહાયક સાધનો, મોબીલીટી સ્ટીકના વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તેમજ દ્રષ્ટિહીનોની સાથે વાતચીત કરી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે વર્ષ ૨૦૨૩-૨૪નાં લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુરનાં ડિસ્ટ્રીક્ટ પ્રેસીડન્ટશ્રી વિકાસ જૈન, ડિસ્ટ્રીક્ટ કેબીનેટ અને મેમ્બર્સશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.








## આચાર્યશ્રી એવોર્ડ



બીપીએનાં એડલ્ટ ટ્રેનીંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડમાં આચાર્યશ્રી તરીકે ફરજ અદા કરતાં શ્રી મનુભાઈ આર. ચૌધરીને ડૉ. નવનીત ઠક્કર આચાર્યશ્રી એવોર્ડ તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ નાં રોજ તેઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ અમદાવાદ શહેર આચાર્ય સંઘ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.



## સાધન સહાય

અંધજન મંડળનાં પ્રાંગણમાં વાઘબકરી ટી કંપની દ્વારા ૨૦૦ દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને સ્માર્ટ ઓન સાધન સહાય આપવામાં આવી હતી. આ વિશિષ્ઠ સાધનની મદદથી તેઓ ચશ્માની જેમ આંખ ઉપર આ સાધન રાખી તેની કેમેરાની ઈમેજથી ટેબલ ઉપર રાખવામાં આવેલ પુસ્તક પણ  કન્વર્ટ કરી ઓડિયો દ્વારા શ્રવણ કરી શકે છે. આ સાધન દ્રષ્ટિહીનોને શિક્ષણમાં મદદરૂપ બની રહેશે. આ સાધનની કિંમત ૮૫૦૦ રૂ. છે.

## દિવ્ય કળા મેળો




દિવ્યાંગજનો દ્વારા તૈયાર કરવામાં આવેલી ચીજવસ્તુઓ માટેનો સ્ટોલ કરવામાં આવ્યો આ સ્ટોલ દિવ્યકળા મેળો સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તારીખ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સોશ્યલ જસ્ટિસ અને એમ્પાવરમેન્ટ ઈન્ડિયા દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં બીપીએનાં વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહથી અને આનંદપૂર્વક ભાગ લીધો હતો.



## એવોર્ડ

દ્રષ્ટિહીનોને પુસ્તક ઓડિયો સ્વરૂપમાં પ્રાપ્ત થાય તે હેતુસર ધ્વનિ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ સેન્ટ્રલ જેલમાં ઈન્ડોક્ટોથર્મ ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યો છે.આમ સાબરમતી જેલનાં કેદીઓ દ્વારા ઓડિયો રીડીંગ બુક તૈયાર કરવામાં આવે છે. આ સરાહનીય કાર્ય બદલ “સ્કોચ એવોર્ડ” ગુજરાત રાજ્યનાં પોલીસ વડાશ્રી ડૉ. કે.એલ.એન. રો .આઈજી ના વરદ્ હસ્તે તારીખઃ ૨૭-૦૨-૨૦૨૪નાં રોજ એવોર્ડ આપવામાં આવ્યો હતો.  આ કાર્યક્રમમાં ડી.જી.પી અને પોલીસ વિભાગના ઉચ્ચ પદાધિકારીશ્રી પણ ઉપસ્થિત રહી બીપીએની રેકોર્ડીંગ પ્રોજેક્ટની ઉત્તમ કાર્ય બદલ સરાહના કરી હતી.

## વેસ્ટ એશિયા કોન્ફરન્સ



ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ પીપલ વીથ વીઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ સીએસઆઈડી બાંગ્લાદેશ દ્વારા આયોજીત કરવામાં આવી હતી આ વેસ્ટ એશિયા કોન્ફરન્સમાં ભારત દ્વારા ૧૨૦ પાર્ટીસિપેટ્સને વર્ચ્યુઅલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. તે પૈકી ૪૫ પાર્ટીસિપેટસને બીપીએના ગંગા મોન્ટેકાર્લો ઓડીટોરીયમહોલથી કોન્ફરન્સમાં રહ્યા હતા. આ વર્ચ્યુઅલ કોન્ફરન્સ તારીખ ૨૮ અને ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪નાં રોજ આયોજીત થઈ હતી.

## કોન્ફરન્સ-લખનઉ



શકુંતલા દેવી રિહેબીલીટેશન યુનિવર્સિટી, લખનઉ ખાતે તારીખઃ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ નાં રોજ કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સ આઈ.સી.ઈ.વી.આઈ નાં આયોજનમાં પ્લેનરી સેશન તેમજ પ્લેનરી સ્પીકર અંતર્ગત કાર્યશેલી વિશે થઈ હતી તેમાં બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી શ્રી ડૉ. ભુષણ પુનાની તેમજ ડૉ. શ્રી મણી, તેમજ શ્રીમતી નંદિનીબેન રાવલ તેમજ સેન્સ ઈન્ટરનેશન ઈન્ડિયાનાં ડાયરેક્ટરશ્રી શ્રી અખિલ પોલ પાર્ટિસીપેટ તરીકે કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિશ્વ મહિલા દિવસે પ્રાપ્ત થઈ વાન



ખાસ કરીને જરૂરીયાતમંદ આંખનાં દર્દીઓ માટે  આંખ નિદાન હેતુથી શહેરી ઝુપડપટ્ટી એરીયામાં વારંવાર જવા માટે વ્હીકલ્સની જરૂરીયાત હોય છે. અહીં સાઈટ સેવરનાં સહયોગથી અમૃત દ્રષ્ટિવાન બીપીએ ના પોરેચા આઈ હોસ્પિટલ ખાતે વાન આપવામાં આવી છે. આ મોબાઈલવાનનાં શુભારંભ સમયે અમદાવાદ મ્યુ કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમિટીનાં શ્રી દેવાંગભાઈ દાણી તેમજ સાઈટ સેવરના સીઈઓ શ્રી આર.એન.મોહન્તી તારીખ ૮, માર્ચ ૨૦૨૪નાં રોજ વિશ્વ મહિલા દિને કેમ્પસમાં ઉપસ્થિત રહી આ અમૃત દ્રષ્ટિવાનનો શુભારંભ બલુન ઉડાડીને કરાવ્યો હતો. આ સમયે સંસ્થાના પદાધિકારીશ્રી તેમજ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિશ્વ ગ્રાહક દિન ઉજવણી





દર વર્ષે ૧૫ મી માર્ચે સમગ્ર વિશ્વમાં એક સાથે વિશ્વ ગ્રાહક દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે ત્યારે ભારતીય માનાંક બ્યુરો અમદાવાદ દ્વારા આ દિવસે ઘણી બધી પ્રવૃતિઓ બાળકો માટે કરવામાં આવે છે. અહી બી.આઈ.એસ કંપનીના ડાયરેક્ટરશ્રી સુમિત સેંગર, જોઈન્ટ ડાયરેક્ટરશ્રી અમિતકુમાર, ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી અમિત ચાન્દલ, જનરલ સેક્રેટરીશ્રી ડૉ.ભુષણ પુનાની દિવ્યાંગ બાળકોના આ રમતગમત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં બાળકોએ સંગીત, ક્વીઝ, દેશભક્તિનાં ગીતોને સુરીલા રાગમાં પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતથી કાર્યક્રમ પૂર્ણ થયા સુધી બીઆઈએસ ડાયરેક્ટરશ્રી સુમિત સેગર અને ડૉ. ભુષણ પુનાની આ સ્પે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને મેક ઈન ઈન્ડિયા સંમ્મિલિત સોસાયટી અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી જ્યારે બીઆઈએસ ના સંદર્ભે શ્રી અમિતકુમાર અને અજય ચન્દાલે ફંક્શન અંતર્ગત જાણકારી આપી હતી.

## ઈનેબલ માર્ટ મુલાકાત

સહુ પ્રથમવાર બીપીએમાં સ્થાપિત ઈનેબલ માર્ટમાં દિવ્યાંગજનો માટેના સાધન સહાય ઉપકરણો, શૈક્ષણિક સાધનો અને ટેકનેલોજી બેઈઝ્ડ સાધનો ના વેચાણ માટે સુવ્યવસ્થિત ઈન્નોબલ માર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ માર્ટની અંધજન મંડળમાં મુલાકાતે યુ.એસ કોન્સ્યુલેટ જનરલ શ્રી મિકી હન્ની આવ્યાં હતાં. આ સમયે સ્માર્ટ ગ્લાસ જ્યોતિ નાં ડેવલપર તેમજ સ્ટાર્ટઅપ ટ્રોચિર્ટ નાં સ્થાપક શ્રી હન્ની ભાંગચંદાની પણ ઉપસ્થિત રહી માર્ટ અંગે વાકેફ કર્યા હતા. જ્યારે કોન્સ્યુલેટ જનરલ બીપીએમાં આવી દિવ્યાંગજનોના માટે તેઓએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.



## ચૂકાદો



Hon'ble Supreme Court invites details of Special Educators working under State Governments on Contract Basis - a great step towards ensuring appointment of Special Educators on Regular Basis S U P R E M E C O U R T O F I N D I A RECORD OF PROCEEDINGS Writ Petition(s)(Civil) No(s). 132/2016 RAJNEESH KUMAR PANDEY & ORS. Petitioner(s) VERSUS UNION OF INDIA & ORS. Respondent(s) Date : 12-03-2024: UPON hearing the counsel the Court made the following O R D E R All the States shall file an additional affidavit within a period of four weeks specifying the number of special teachers who are R.C.I. trained and eligible to be appointed, who are presently working on contractual basis under them. The affidavit shall also contain the service conditions including the pay-scale/consolidated wage being given to them, number of years they have been working on contract basis and the steps, if any, taken to regularise their service imbibing the spirit of the judgment. Needless to say that they shall also state the number of sanctioned posts, and if the sanctioned posts are lesser in number, then the steps taken to sanction further posts to ensure appointment of such teachers on regular basis.

## પેરા-નેશનલ ચેમ્પિયનશીપ




દિવ્યાંગજનો તેમના આંતરિક કૌશલ્યને ઉજાગર કરતાં ધીરેધીરે તેઓ વિવિધ સ્તરે વિજેતા કૌશલ્યને પ્રાપ્ત કરે છે. અહીં યુ.ટી.ટી પેરા ટેબલ ટેનિસ રમત રાષ્ટ્રીય ચેમ્પિયનશીપ વર્ષ -૨૦૨૩-૨૪ માં ઈન્દોર ખાતે રમાય હતી. તેમાં બીપીએનાં વિદ્યાર્થી યઝદીએ ૨ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેળવી વિજેતા રહ્યા હતાં.

## મહિલા સશક્તિકરણ - વારાસણી

દિવ્યાંગ મહિલાઓનાં સશક્તિકરણ માટે અરવિંદ મફતલાલ ફાઉન્ડેશનનાં સહયોગથી તાલીમ અને લીડરશીપ તેમજ આર્થિક પગભરતા અને આત્મનિર્ભરતા માટે તાલીમ આયોજીત કરવામાં આવી હતી.

આ તાલીમમાં પ્રથમ બેંચ એક માસની સિલાઈ તાલીમ ૨૭ ડિસેમ્બરે કરવામાં આવી હતી તેમાં ૫૦ લાભાર્થીમાંથી ૪૩ લાભાર્થી બહેનો જોડાયેલા રહ્યા હતા. જ્યારે દ્વિતીય બેંચ તા. ૫ ફેબ્રુઆરી ૨૦૨૪ માં કરવામાં આવી હતી તેમાં ૫૦ લાભાર્થી એનરોલ થયા હતા અને સિલાઈ તાલીમ મેળવી હતી. આમ તેમાંથી ૪૪ તાલીમાર્થીઓએ સંપૂર્ણ તાલીમ ૧૪ માર્ચે પૂર્ણ કરી હતી.

આ તાલીમ બાદ બીપીએ દ્વારા સિલાઈ મશીન ૮૭ લાભાર્થીને તારીખ ૧૭ માર્ચ ૨૦૨૪ ના રોજ શ્રી હનુમાન પ્રસાદ પોદ્દાર બ્લાઈન્ડ સ્કુલ, દુર્ગાકુંડ, વારાસણી ખાતે આપવામાં આવ્યા હતા. જ્યારે બે દિવસના વર્કશોપ, લીડરશીપ, એન.એ.બી વલસાડ ખાતે દ્રષ્ટિક્ષતિ મહિલાઓને માટે સહયોગી શ્રી અરવિંદ મફતલાલ ફાઉન્ડેશન માર્ચ ૨૦૨૪ આમ રહ્યા હતા.




# શાનદાર બર્થડે ઉજવણી

આઈ.આઈ.એમ જેવી પ્રખ્યાત ઈન્સ્ટિટ્યુટનાં ગોલ્ડ મેડાલીસ્ટ અને અનેક જગ્યાએ ઉચ્ચ પગારની ઓફરોને નકારીને સેવાના ભેખધારી શ્રી ડૉ.ભુષણ પુનાની દિવ્યાંગજનોના ક્ષેત્રમાં અંધજન મંડળમાં સેવા સ્વીકારી અને સતત પ્રવૃતિમય છે. આમ દિવ્યાંગજનોના મસીહા દિવ્યાંગજનો પ્રત્યેની અપાર સ્નેહની લાગણી, તેઓની કાર્યશૈલી અને દિવ્યાંગજનોના અધિકારો માટે સતત પ્રવૃતિમય રહેતા જનરલ સેક્રેટરીશ્રી શ્રી ડૉ. ભુષણ પુનાનીના ૭૦ માં જન્મદિવસને શાનદાર તરીકે ઉજવણી સંસ્થાના તમામ કર્મચારીગણે કરી હતી દિવ્યાંગ વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ આ સમયે તેમજ બીપીએના વિવિધ વિભાગો, ડે-કેર સેન્ટર, સીબીઆર પ્રોજેક્ટ, આંખની હોસ્પિટલ સ્ટાફ, મિત્રજનો, સ્વજનો તમામ ઉપસ્થિત રહી બીપીએનાં પ્રાંગણમાં ઉલ્લાસમય ભર્યા વાતાવરણમાં તા. 3 જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.







**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gensecbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની , સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ

## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

You can Donate through G Pay Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

Razorpay: bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap:https://milaap.org/fundraisers/support-education-and-rehablitation-services-to-children-with-disabilities